Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-2, September-2022

# જોસેફ મેકવાન રચિત 'વ્યથાનાં વિતક'ના રેખાચિત્રો

**મુકેશકુમાર વિહાજી ઠાકોર**
રીસર્ચ સ્કોલર, ગુજરાતી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

***સારાંશ:***
*ચરોતરના 'ઓડ' ગામ એટલે જોસેફ સાહેબનું વતન. એમનું મૂળ પૂરું નામ જશવંતલાલ ડાહ્યાભાઈ મકવાણા હતું. ગુજરાતી સાહિત્યક્ષેત્રે તેમનું નામ જોસેફ મેકવાન છે. જોસેફ મેકવાનનો જન્મ માતા હિરીબહેન અને પિતા ડાહ્યાભાઈને ત્યાં એમના મોસાળ ત્રણોલમાં તારીખ ૯મી ઓક્ટોમ્બર, ૧૯૩૬ના રોજ થયો હતો. જોસેફ મેકવાનએ લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં ૧૦ નવલકથાઓ, ૮ રેખાચિત્રો, ૪ વાર્તાસંગ્રહો, ૨ નિબંધોની રચના કરેલી જોવા મળે છે. એટલુ જ નહી, ૧. અનાથોની માતાના પ્રભુમંદિરની પ્રતિષ્ઠાનો સ્મૃતિ અંક, ૨. ઉઘડયા ઉઘાડ અને આવી વરાપ, ૩. અનામતની આંધી, ૪. વહેલી પરોઢનું વલોણું અને ૫. અમર સંવેદન કથાઓ, વગેરેમાં સંપાદક તરીકે આદાકારી ભજવી છે. એવા સચોટ ગુજરાતી લેખક જોસેફ મેકવાનની રચના 'વ્યથાનાં વિતક' અને તેમા આપવામાં આવેલ રેખાચિત્રોનો પરિચય અને તેમની અદાકારી પર પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરી, ગુજરાતીના અભ્યાસુઓને પ્રેરણા પુરી પાડવામાં આવી છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *જોસેફ મેકવાન, ગુજરાતી સાહિત્ય, યોગદાન*

ગુજરાતના હાર્દસમો ખેડા જિલ્લો પ્રાચીન સમયથી અનેક રીતે મહત્વ ધરાવે છે. ભૌગોલિક રીતે તેને ગુજરાતનું પંજાબ ગણવામાં આવે છે. મહી, વાત્રક, શેઢી, માઝુમ જેવી નદીઓનાં જળથી આ પ્રદેશ ખિલ્યો છે અને સમૃદ્ધ થયો છે. ખેતીની દષ્ટિએ આ પ્રદેશ ખૂબ જ સમૃદ્ધ છે. પૂર્વનો થોડો ભાગ બાદ કરતાં આ આખો વિસ્તાર હરિયાળો છે. આ વિસ્તારને 'ચરોતર'ના રણિયામણા નામે પણ ઓળખવામાં આવે છે.

આઝાદીની સાથે જ આ પ્રદેશમાં બે મુખ્ય ક્રાંતિઓ થઈ છે, એક હરિયાળી ક્રાંતિ અને બીજી શ્વેત ક્રાંતિ. પશુપાલન અને દૂધના વ્યવસાયમાં આ પ્રદેશ વિશ્વભરમાં વખણાય છે. આણંદ પાસે સ્થપાયેલા બે નાનાં નગરો વિઠ્ઠલ ઉદ્યોગનગર અને વલ્લભ વિદ્યાનગર પણ આ પ્રદેશની ઊજળી બાજુઓ છે. આર્થિક સમૃદ્ધિ, ખેતી, પશુપાલન, ઉદ્યોગ, વેપાર વાણિજય, અને કેળવણીનાં ક્ષેત્રે પણ ઘણી પ્રગતિ કરીને અહીંના ઘણા નાગરિકો દુનિયાભરના દેશોમાં સ્થિર થયા છે. અને ચરોતર (ખેડા) ગુજરાત તથા ભારતની શાન વધારી છે. તેથી જ એક એવી કહેવત છે કે **"ખેડા એટલે દુનિયાના છેડા."**

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ જોઈએ તો પણ ચરોતરની ભૂમિનો ફાળો નોંધનીય છે. શ્રી. ગો. મા. ત્રિપાઠી નડિયાદના વતની હતા. નવલરામ પણ નડિયાદના અને શ્રી રાજેન્દ્ર શાહ પણ કપડવંજના વતની છે. આઝાદીના લડવૈયા અને છઠ્ઠા સાતમા દાયકાના અગ્રણી કવિના 'આયુષ્યના અવશેષે' - કાવ્યમાં તેમનો વતન પ્રેમ રજૂ થાય છે. તો શ્રી ચંદ્રકાંત શેઠ પણ તેમના પુસ્તક "ધૂળમાંની પગલીઓ'- માં વતન ઠાસરા વતનનું ઋણ અદા કરે છે. નાટયવિદ્ વિનોદ અધ્વર્યુ પણ ખેડાના. જયંત શેખડીવાલા અને જયેન્દ્ર શેખડીવાલા પણ શેખડી ગામના વતની છે. રાવજી પટેલની નવલકથામાં અને જયંત ગાડિત પણ એવા સર્જક છે જેમની કથામાં અહીંના પાટણવાડિયા અને વાઘરી સમાજનાં પાત્રો જીવંત બનીને આવે છે. એવો સમૃદ્ધ જિલ્લોઃ ખેડા એટલે જોસેફભાઈનું વતન. જોસેફભાઈએ લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં ૧૦ નવલકથાઓ, ૮ રેખાચિત્રો, ૪ વાર્તાસંગ્રહો, ૨ નિબંધોની રચના કરેલી જોવા મળે છે. એટલુ જ નહી, ૧. અનાથોની માતાના પ્રભુમંદિરની પ્રતિષ્ઠાનો સ્મૃતિ અંક, ૨. ઉઘડયા ઉઘાડ અને આવી વરાપ, ૩. અનામતની આંધી, ૪. વહેલી પરોઢનું વલોણું અને ૫. અમર સંવેદન કથાઓ, વગેરેમાં સંપાદક તરીકે આદાકારી ભજવી છે. એવા સચોટ ગુજરાતી લેખક જોસેફ મેકવાનની

રચના 'વ્યથાનાં વિતક' પર પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરી, ગુજરાતીના અભ્યાસુઓને પ્રેરણા પુરી પાડવામાં આવી છે.

**જોસેફ મેકવાનમાં લેખક થવા માટેના પરિબળો**

ચરોતરના વણકર સમાજમાં ઓડ ગામનું સ્થાન મોખરાનું. આ 'ઓડ' ગામ એટલે જોસેફ સાહેબનું વતન. એમનું મૂળ પૂરું નામ જશવંતલાલ ડાહ્યાભાઈ મકવાણા હતું. ગુજરાતી સાહિત્યક્ષેત્રે તેમનું નામ જોસેફ મેકવાન છે. જોસેફ મેકવાનનો જન્મ માતા હિરીબહેન અને પિતા ડાહ્યાભાઈને ત્યાં એમના મોસાળ ત્રણોલમાં તારીખ ૯મી ઓક્ટોમ્બર, ૧૯૩૬ના રોજ થયો હતો. જોસેફભાઈની ચોથી પેઢીએ એમના પરદાદા મોરારભાઈએ આ ચરોતરની નાત તેડાવેલી અને દરેક ગામના આગેવાનોને નાતના રિવાજ પ્રમાણે દાન અને દાપાં આપેલાં. જેનાં નાતમાં ખૂબ જ વખાણ થયેલાં અને ત્યારપછી એમના વારસદારોને અમીદાસ તેમના પુત્ર હરખાભાઈ તેમના પુત્ર ડાહ્યાભાઈને સમાજમાં ચર્ચા કરવાની સારી તક મળેલી.

જોસેફ મેકવાનજી ૬ વર્ષના હતા ત્યારે માતા હિરીબહેન ટી.બી. ની બીમારીથી મૃત્યુ પામ્યા હતા. જેથી લેખકના માથે દુઃખના ઓળા ઉતરવાની શરૂઆત થઈ. બાના મૃત્યુના ચાર માસ પછી પિતાએ બીજાં લગ્ન કર્યાં હતા.

ગામમાં ઉજવાતા વિવિધ ઉત્સવો, પ્રસંગો અને વ્યક્તિઓની ઊંડી છાપ જોસેફસાહેબના મગજ પર પડે છે. જન્માષ્ટમી ઉપર ગવાતાં ભજનો, શ્રાવણ માસમાં વંચાતા રામાયણ, મહાભારત, ભાગવત, જેવાં શાસ્ત્રો અને તેમાં આવતાં વિવિધ પાત્રો, પ્રસંગો, ગીતો, વર્ણનો વગેરેની પણ છાપ લેખકના જીવન પર પડે છે. જેમાંથી મહાભારતના કર્ણનું પાત્ર લેખકને ખૂબ જ પ્રિય લાગે છે. તેમાંથી ત્યાગ, સમર્પણ અને સહનશીલતા જેવા ચારિત્ર્ય ઘડતરના ગુણો લેખકમાં કેળવાય છે.

વખતે પ્રાથમિક શિક્ષણ પૂરું થાય ત્યારે સાતમા ધોરણમાં વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા આવતી. જોસેફ મેકવાનને આ પરીક્ષા આપવા માટે નડિયાદ જવાનું થાય છે. નડિયાદની મિશનના ફાધર માર્ટિન સાહેબની મદદથી જોસેફ નડિયાદ આવે છે. ત્યાંના ઉત્તમ શિક્ષક નામે મહિજીભાઈ લેખકના જીવનમાં ઘણું પરિવર્તન લાવે છે અને લેખકને વાંચન માટેની પ્રરેણા પુરી છે. કિશોર કથાઓથી માંડીને 'કરણઘેલો', "માનવીની ભવાઈ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'ગ્રામલક્ષ્મી', "સરસ્વતીચંદ્ર' વગેરે વાંચે છે. પછી મેકવાન સાહેબ વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા પાસ કરી અને ગામમાં કેથોલિક મિશનની શાળામાં બે વર્ષ નોકરી શરૂ કરે છે. બાદમાં તેઓ પોલીસ ભરતીમાં પસંદ થાય છે પણ ફાધર માર્ટિનેસ મિશનની શાળામાં શિક્ષક તરીકે તેમની નોકરી આપવે છે, જેથી પોલીસમાં જોડાતા નથી. ૧૯૫૬-૫૭માં આણંદના શ્રી મોતીભાઈ અમીન અધ્યાપન મંદિરમાં તેઓ ચાલુ પગારે પી.ટી.સી. થાય છે અને પછી ૫૬ ગુણ સાથે પાસ થઈ નોકરીમાં જોડાય છે. પછી ચાલુ નોકરીએ એસ.એસ.સી.ની પરીક્ષા ૭૦ ટકા સાથે પાસ થાય છે.

ઈ.સ.૧૯૫૫માં લેખકના ૨૧ વર્ષની ઉંમરે ચકલાસી ગામે રેગીનાબહેન સાથે લગ્ન થાય છે. બીજા જ વર્ષે ૧૯૫૬માં એમની પ્રથમ વાર્તા 'ગેગડીનાં ફૂલ', જશવંતલાલનાં નામે સવિતામાં છપાય છે. ઈ.સ.૧૯૫૬ થી ૬૪ સુધી તે નિયમિત વાર્તાઓ જશવંતલાલનાં નામથી લખે છે. આ ગાળામાં કુલ મળીને બે સંગ્રહો થાય એટલી વાર્તાઓ લખાય છે, તેમાંથી પાંચ વાર્તાઓને ઈનામો મળે છે.

૧૯૫૭ની સાલમાં સેન્ટઝેવિયર્સ શાળા, આણંદમાં તેઓ શિક્ષક તરીકે જોડાય છે. આ જ ગાળામાં તેઓ વિવિધ પરીક્ષાઓ આપીને હિન્દી સાથે બી.એ. અને પછી એમ.એ. પણ થાય છે. ઈ.સ.૧૯૬૯માં ભવન્સ કોલેજ ડાકોર, અને પછી એમ.વી.પટેલ કોલેજ આણંદ એમ છ વર્ષ તેઓ પ્રોફેસર તરીકેની નોકરી કરે છે. પણ તેઓમાં ઉત્તમ શિક્ષકનો જીવ હતો, જેથી કોલેજના વિદ્યાર્થીથી સંતોષ માની શકતો ન્હોતો. પરિણામે કોલેજ છોડી પરત આણંદની સ્કૂલમાં આવીને શિક્ષક તરીકે જોડાય છે અહી તેઓ ઈ.સ.૧૯૯૩

સુધી સેવા આપે છે. ઈ.સ.૧૯૬૦માં તેઓ પુના અને મહારાષ્ટ્રનો પ્રવાસ કરે છે. ઈ.સ.૧૯૭૩માં ભારત સરકારના શિક્ષા મંત્રાલય તરફથી “શાંતિનિકેતન’, માં એ વાર્તા -કવિતા કાર્ય શિબિરમાં જાય છે. ત્યાં પ્રેમચંદ મુનશીના પુત્ર અમૃતરાય ગંગાપ્રસાદ વિમલ જેવા વાર્તાકારોનો સંપર્ક થાય છે. ઈ.સ.૧૯૭૮થી ૮૦ના ગાળામાં તેઓ જનતા પાર્ટીમાં જોડાય છે અને રાજકારણમાં સક્રિય બને છે.

ઈ.સ.૧૯૮૦માં તેઓ પટણા જાય છે પરત ફરતાં તેઓ ઉત્તરભારતનો પ્રવાસ કરે છે. આ દેશાટનથી એમને વધારે સારો અનુભવ થાય છે. પ્રવાસ દરમિયાન તેઓ દેશના ગામડાના લોકો અને તેમની દિશા અને દશા જૂએ છે.

ઈ.સ.૧૯૯૩માં સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ આણંદમાંથી નિવૃત્ત થાય છે. ત્યારે તેમના વિદાય સમારંભમાં યશવંત શુકલ, મગનભાઈ ઓઝા, ઇન્દુકુમાર જાની, રજનીકુમાર પંડ્યા, નડિયાદ આણંદ ચર્ચના ફાધર, મિશન પરિવાર આણંદના નાગરિકો વગેરે મોટી સંખ્યામાં પધારેલા ત્યારે પ્રવચન આપતા આચાર્ય યશવંત શુકલએ કહ્યું હતું કે “મારા જીવનમાં પહેલો વિદાય સમારંભ જોઉં છું કે જેમાં આટલા લોકો હાજર હોય અને અબાલ વૃદ્ધો સૌની આંખમાં પાણી હોય!’

આમ સમગ્રપણે જોઈએ તો લેખકના સર્જનમાં જે પરિબળો જોવા મળે છે. તેમાં કુટુંબના અનુભવો અને અભાવોમાં થયેલો ઉછેર તેમાંથી જન્મતું સાહિત્ય એ તો જાત અનુભવને રજૂ કરે છે.

### જોસેફ મેકવાનનું સાહિત્ય સર્જન

ગુજરાતી દલિત સર્જકોમાં જોસેફ મેકવાનનું નામ પ્રથમ હરોળમાં છે. નવલકથા, રેખાચિત્ર, નવલિકા અને સંપાદનના ક્ષેત્રમાં એમણે નોંધપાત્ર કામ કર્યું છે. મુખ્યત્વે તેમની ઓળખ નવલકથાકાર તરીકેની બંધાઈ છે. ગુજરાતી સાહિત્યનું આગવુ નામ જોસેફ મેકવાન દ્વારા ગુજરાતી સાહિત્યમાં દસ નવલકથાઓ, આઠ રેખાચિત્રો, ચાર વાર્તાસંગ્રહો, બે નિબંધો અને પાંચ સંપાદનો તૈયાર કરવામાં આવેલા જોવા મળે છે, જે નીચે મુજબ છે.

**જોસેફ મેકવાન**

| નવલકથાઓ | રેખા ચિત્રો | વાર્તાસંગ્રહ | નિબંધ | સંપાદનો |
|---|---|---|---|---|
| ૧. આંગળિયાત | ૧. વ્યથાનાં વીતક | ૧. સાધનાની આરાધના | ૧. પગલાં પ્રભુના | ૧. અનાથોની માતા |
| ૨. લક્ષ્મણની અગ્નિપરીક્ષા | ૨. વહાલનાં વલખાં | ૨. આગળો | ૨. વ્યતીતની વાટે | ૨. ઉઘડયા ઉઘાડ અને આવી વરાપ |
| ૩. મારી પરણેતર | ૩. મારી ભિલ્લુ | ૩. પન્નાભાભી | | ૩. અનામતની આંધી |
| ૪. મનખાની મિરાત | ૪. જનમજલાં | ૪. ફરી આંબા મહોરે | | ૪. વહેલી પરોઢનું વલોણું |
| ૫. આજન્મ અપરાધી | ૫. જીવતરના નાટયારંગ | | | ૫. અમર સંવેદન કથાઓ |
| ૬. બીજ-ત્રીજનાં તેજ | ૬. માણસ હોવાની યંત્રણા | | | |
| ૭. દાદાના દેશમાં | ૭. ન યે ચાંદ હોગા | | | |
| ૮. માવતર | ૮. રામનાં રખોપાં | | | |
| ૯. દરિયા | | | | |
| ૧૦. અમર ચાંદલો | | | | |

### વ્યથાના વિતક (૧૯૮૫)

પંદર વર્ષમાં પુસ્તકની ચાર આવૃત્તિઓ અને એક પુનઃમુદ્રણ થયાં હોય એવી આ કૃતિ જોસેફ મેકવાનજીની ઉત્તમ કૃતિઓમાંની એક છે, આ તેની સફળતા બતાવે છે. તેથી આગળ વધીને જોઈએ તો એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી તથા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વગેરે માં સ્નાતક કક્ષાએ આ કૃતિ અભ્યાસક્રમમાં મૂકાયેલી છે. એ જ બાબત આ કૃતિ અને લેખક

બંન્નેના સાહિત્યિક યોગદાનની સાક્ષી પુરનારી કહી શકાય

આ સંગ્રહમાં કુલ ઓગણીસ રેખાચિત્રો જોવા મળે છે. જેમાંથી કેટલાંક પાત્રો તો વાંચકોને કાયમ યાદ રહી જાય એવાં સરસ અને જીવંત બન્યાં છે. જેવા કે, લક્ષ્મી, ભવાન ભગત, શામળી ઉકમલ્લ અને હેઝલ પદમણી વગેરે. આમાં જે જે પાત્રો લેવાયા છે તે દલિત સમાજ અને આસપાસનાં અન્ય જનસમાજમાંથી લેવામાં આવેલા જણાય છે. આ પાત્રોના વ્યક્તિત્વથી લેખક પ્રભાવિત હોય, એના સારા ગુણોને લેખકે આલેખ્યાં હોય, તેવું તેમના લખાણમાંથી સ્પષ્ટ થાય છે.

આ સિવાયનાં પણ અન્ય સારાં પાત્રો આ કૃતિમાં જોવા મળે છે. તેથી “વહાલનાં વલખાં' પછી આ સંગ્રહ 'વ્યથાનાં વીતક' નું મહત્ત્વનું સ્થાન રહ્યું છે. કૃતિમાં કેટલાંક એવાં પાત્રો પણ જોવા મળે છે કે, જેને લેખકે લાડ લડાવ્યા છે. આ સંગ્રહના કુલ ઓગણીસ રેખાચિત્રોમાં અગિયાર રેખાચિત્રો પુરુષનાં અને આઠ રેખાચિત્રોમાં સ્ત્રી પાત્રો છે. સમાજમાંથી જ લીધેલાં આ પાત્રો અન્ય માણસો કરતાં કંઈક જુદી જ માટીનાં ઘડાયેલાં રજૂ કરવામાં આવ્યા છે. તેનું વ્યક્તિત્વ જુદું જ રજૂ કરવામાં આવ્યું છે. વળી સર્જત્ત્વના સ્પર્શથી આ પાત્રો યાદગાર જ નહીં પણ અમર બની જાય છે એવુ કહીએ તો ખોટું નથી.

આખા સંગ્રહના બધા પાત્રોમાં વિવિધતા જોવા મળે છે. આ પાત્રોની વિશેષતામાં કાં તો એના વ્યક્તિત્વની કોઈ ખાસિયતો રજૂ થઈ છે કાં તો જીવનની કરુણતા આ બે વસ્તુ ઉપર પાત્રોનો ઘાટ ઘડાયો છે. તેમાંના ઘણાં ખરાં પાત્રો ગામડામાંથી આવે છે.

પ્રથમ પાત્ર જોઈએ તો ત્રણ સ્ત્રીઓ પૈકી એક દાદી, બીજી બા અને ત્રીજી તે કાકીની વાત છે. એટલે એમ કહી શકાય કે, રેખાચિત્રમાં લેખકનાં બાલ્યાવસ્થામાં અઢળક માતૃસ્નેહ આપનારી ત્રણ સ્ત્રીઓની વાત છે. એમ ત્રણે ય નો પ્રેમ મળતો. લેખકની જિંદગીનો એ સુવર્ણ કાળ હતો. પણ બાના મૃત્યુ પછી દાદીનું મૃત્યું અને પછી કાકાના મૃત્યુથી કાકીને ચાલ્યા જવું. આ ઘટનાઓ લેખકના જીવનમાં દુઃખના ડુંગરાઓ ખડકાવે છે. અહીં પિતાના વર્તન તથા નવી માતાના વ્યવહારની પણ વાત રજૂ કરી છે. રમવાની ઉંમરે લેખક યુવા કામમાં જ ડૂબી જાય છે અને અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે. અહીંથી લેખકના જીવનમાં કરુણતાની શરૂઆત થતી જોવા મળે છે.

બીજા રેખાચિત્ર “લક્ષ્મીનો ચાંલ્લો'માં લેખકના બાળમિત્ર મગનના જીવનની વાત છે. નાની ઉંમરે લગ્ન થયા પછી. થોડા જ સમયમાં મગન અત્યંત બીમાર થાય છે. તેની પત્ની લક્ષ્મીના પિયરીયાઓ લક્ષ્મી-મગનની ઇચ્છા વિરુદ્ધ છૂટાછેડા કરી દે છે અને લક્ષ્મીને બીજ ઘરે વળાવે છે. લક્ષ્મી ત્યાં પણ દુઃખી થાય છે. આ બાજુ મગન ગાંડો બની જાય છે. અને કરુણ દશામાં મૃત્યુ પામે છે. એ વાતની લેખક વર્ષો પછી લક્ષ્મીને જાણ કરે છે. એમ આખી વાત અત્યંત કરુણ લાગે છે.

ત્રીજા રેખાચિત્રમાં મગનની મા અને દાદીની વાત છે. વિષય વસ્તુ સામાન્ય છે. સાસુ વહુના વિવિધ પ્રસંગો આલેખ્યા છે. અહીં સાસુ વહુના સંબંધોની વાત કરી છે. બંન્નેની વિશેષતાઓ અને મર્યાદાઓ પણ રજૂ કરી છે.

ચોથા રેખાચિત્રમાં ભંગી કોમની ગરીબબાઈની વાત થઈ છે. ઘરે મહેમાન આવ્યા છે. હવે પાણી ભરવા ગઈ છે. હરિજનના કૂવે ભંગીઓને પાણી ભરવાનો અધિકાર નથી. માટે પોતે તો પાણી ભરી શકતી નથી. લોકોની આશાએ બેસી રહે છે. લોકો અપમાન કરે છે. છેલ્લે લેખક આવે છે ત્યારે તે બાઈને પાણી ભરી આપે છે. આ રેખાચિત્ર વાંચતાં આપણને કવિશ્રી ઉમાશંકર જોષીકૃત “ઢેડના ઢેડ ભંગી' -ની યાદ જરૂર આવી જાય છે. અહીં દલિત સમાજમાં પણ કેવા ભેદ છે ! એ કરુણ ઘટના બતાવી છે.

પાચમાં રેખા ચિત્રમાં આવી જ એક વાત છે. “સતિયો મારી સાથી'માં વતનની પ્રાથમિક શાળામાં ભણતા મિત્ર સતિયાના વ્યક્તિત્ત્વની વાત કરી છે. ગામના અન્ય ઉજળિયાત કોમના વિદ્યાર્થીઓ લેખક અને સતિયા પણ પ્રત્યે કેવા ભાવથી જોતા, કેવું વર્તન કરતા તે વાત રજૂ કરી છે.

છઠ્ઠા રેખાચિત્રમાં "ભવાન ભગત'નું સુંદર ચિત્ર ઉપસાવ્યું છે. લેખક માટે આ શ્રદ્ધાનું પાત્ર છે. તેઓ વડીલ છે અને ઉંમર લાયક અનુભવી પરંપરાઓના જાણકાર છે. કલાઓ અને કસબના જાણકાર તરીવાદક, કોઠાસૂઝ અને દીર્ઘદષ્ટિવાળા એવા આદર્શ માણસ તે આ 'ભવાન ભગત', "સ્થિતપ્રજ્ઞના લક્ષણોવાળા આ ભગત લેખકનું પ્રિય પાત્ર છે. આ સિવાય પણ અન્ય કૃતિઓમાં પણ એમના નામનો ઉલ્લેખ છે. અને એમનું પાત્ર આવતું જોવા મળે છે.

સાતમું ચિત્ર "હોઝલ પદમણી' નું પાત્ર છે. વહવાયા ગણાતા એવા ગાંચજા યુવાનની પત્ની તે આ હોઝલ પદમણી મૂળનામ "હેઝલ' છે. તે અત્યંત સ્વરૂપવાન છે તેથી રામલીલા રમનારાના ખેલમાં આવતો "હેઝલ પદ્મણી" નો ખેલ અને તે પરથી હેઝલ પદ્મણી નામ બની જાય છે. એનાં રૂપ અને ગુણની લેખકે ભારોભાર પ્રશંસા કરી છે.

એની ખાસિયત એ છે કે હેઝલ સુંદર હલકથી મરસિયાં ગાય છે. તેથી એ ખૂબ જ લોકપ્રિય બની છે. લેખકને હેઝલ અને તેના મરસિયા પ્રત્યે ખૂબ જ આસક્તિ હોય એવું લાગે છે. કારણ કે, અન્ય એક સંગ્રહમાં પણ તેનો ભગતે ઉલ્લેખ કરતો જોવા મળે છે.

આઠમાં રેખાચિત્રમાં "શામલી' નામની રૂપાળી ગુણવાન સ્ત્રીની કરુણ કથા છે.મોટી ઉંમરના અને ભગત એવા પુરુષના ઘરના પત્ની બનીને આવે છે. ત્યારે જ લોકો માટે તો તે ચર્ચાનો વિષય બની જાય છે. તો બીજી બાજુ શામળીના પિયેરનો એક યુવાન પણ શામળીને હેરાન કરે છે. અને ભગતના મૃત્યુ પછી પણ શામળીને શાંતિ મળતી નથી. એવી સ્ત્રી જીવનની કરુણતાભરી કથા અહીં છે.

નવમું રેખાચિત્ર "ઉકમલ'નું પાત્ર છે. આખી જિંદગી ગૌરવપૂર્ણ જીવન જીવતા ઉકમલ્લને ઉત્તરાવસ્થામાં પડેલા દુ:ખની વાત કરી છે. આધુનિક જમાનામાં પરંપરાગત કલા ભૂલાતી ગઈ છે. અને યાંત્રિક સાધનોનો ઉપયોગ વધ્યો છે. ત્યારે ઉકમલ્લ જેવા કલાકારો બેકારીના ભોગ બને છે અને અંતે કરુણાંતિકા સર્જાય છે. એ વાત અહીં રજૂ કરી છે.

દરિયો'- એ દસમું રેખાચિત્ર છે. અહીં લેખકના બાળપણની વાત થઈ છે. બાળપણમાં લેખકને આવેલી દરિયા વિશેની કલ્પનાઓ અને પછી એક સંબંધીને ઘરે મુંબઈમાં જવાનું થાય છે. ત્યાં ભાભી એમને દરિયો દેખાડવા લઈ જાય છે અને પછી તો ઘણી વાર દરિયો જોવા મળે છે. એ વાત લેખકે કરી છે. અહીં દરિયા સાથે તેમની ભાભીનું પણ સુંદર પાત્ર મૂક્યું છે.

અગિયારમાં રેખાચિત્રમાં "લાગી હૈ લગનિયાં રે... માં એક મિશનભક્ત અને સેવાભાવી સ્થિતપ્રજ્ઞ એવા શિક્ષકની વાત કરી છે. થોડી જ ઘરવખરીથી ચલાવીને સમાજસેવામાં જીવન ગુજારનાર એક સંસારી સંતની વાત લેખકે અહીં કરી છે. અહીં મિશનની થોડી અસર પણ જોવા મળે છે.

બારમાં ચિત્રમાં "કાકાની સૂટલ'માં પિતાજીના પિતરાઈ ભાઈ અને લેખકના કાકા ના સ્વભાવ અને સેવાભાવની વાત છે. બળદ સાથે ખેતર સાથે વૃક્ષો સાથે અને લેખક સાથે ખૂબ જ પ્રેમ રાખનાર કાકા ખૂબ જ સ્વાભિમાની હોય છે. પણ લેખકનાં નવા બાનાં બરછટ સ્વભાવને કારણે એક દિવસ ચાલ્યા જાય છે. ત્યારે લેખક માટે પ્રેમનો સહારો તૂટી જાય છે.

તેરમાં રેખાચિત્રમાં "પટાક કાકા'માં મૂળ ખુશાલ નામ ધારી કાકાનું ચિત્ર આલેખાયું છે. સ્વભાવને કારણે લોકો માટે મશ્કરીનું પાત્ર બની રહે છે અને તેથી જ તેમનું ખીજનું નામ પટાક કાકા પાડેલું. લોકો સાથે સામાન્ય બાબતોમાં પણ ઘર્ષણ કરી બેસે છે. તેવા આ પટાક કાકા છે. આજે પણ આવાં પાત્રો ગામડામાં મળી રહે છે.

"તારો ભરોસો મને ભારી" એ ચૌદમા રેખાચિત્રનું શીર્ષક છે. સંસારી સંત એવા શ્રમજીવી ભલાભકતની અહીં વાત છે. મહેનત મજૂરી કરીને રળી ખાતા આ સંત રોજ રાતે ભજનો ગાય છે. કેટલાક લોકો તેને ઓળખી શકતા નથી. તેને પરેશાન કરે છે. એમને હેરાન કરવાની ભાવનાથી ચોરીનો આરોપ નાખે છે.

ત્યારે પોલીસ પણ તેને પજવે છે. પણ તેઓ પોતાનો સંત સ્વભાવ બદલાતા નથી. એવા ઉચ્ચ કોટિના માણસની આ વાત છે.

પંદરમાં રેખાચિત્રમાં લેખકનો બાળદોસ્ત અને સહપાઠી "જસ્યો નેપાડો' છે. ભણવામાં ઠોઠ અને મસ્તીખોર એવો જયો સામાજિક અને આર્થિક પ્રશ્નોમાં દુઃખી બની જાય છે. પણ એક સંબંધીની કૃપાથી તેને કલકત્તા જવા મળે છે. ત્યાં ધંધામાં જોડાય છે. અને ભાગ્ય બદલાય છે. તે શેઠ બને છે. લેખકને કલકત્તામાં મળે છે. ત્યારે તેની આખી જિંદગી બદલાઈ ગઈ છે. બસ આટલી સાદી પણ રસાળ કથા અહીં છે.

તાલ -તબલાંનો અને જિંદગીનો એ સોળમા રેખાચિત્રમાં લેખકે પોતાના ગીત અને સંગીતના અનુભવોની વાત કરી છે. અહીં થોડી અતિશયોક્તિ પણ જોવા મળે છે. થોડી પ્રવાસની વાત પણ અહીં થઈ છે. અન્ય ખાસ વિશેષતા નથી.

"નાયણો બોજિયો' એ સત્તરમું રેખાચિત્ર છે. લેખકના ગામના યુવાન "નાપણા'ની વાત થઈ છે તે કામ ધંધાથી તંગ થઈને નાશી જાય છે. અને લેખકને ગિરનારમાં મળે છે. ત્યાં બંને જણા શૈશવના સ્મરણોને તાજાં કરે છે. બીજી કોઈ ઘટના નથી. અઢારમાં રેખાચિત્રમાં "ઘરનો દીવો'માં યુવાન વિધવા દલિત સ્ત્રીની કથા છે. અહીં કહેવાતા ઉજળિયાત સમાજનો ત્રાસ અને વિકૃતિઓ રજૂ થઈ છે. સાસુ વિધવા હતી અને વહુ પણ વિધવા બને છે. આમ દુઃખમાં વધારો થાય છે. ત્યારે જીવનની એક માત્ર આશા તેનો દીકરો છે અને તેની આશાએ તે જીવન ગુજારે છે. એ વાત અહીં કરી છે.

આ સંગ્રહનું છેલ્લું રેખાચિત્ર છે. બહેરું આયખું મૂંગી વ્યથા- અહીં પણ એક યુવાન બહેરી મૂંગી સ્ત્રીની કથા છે. આજે એકવીસમી સદીમાં સ્ત્રી સમાનતાની વાતો કરતા સમાજમાં સ્ત્રીની સ્થિતિ કેવી છે તેનું કરુણ ચિત્ર રજૂ કર્યું છે. આ રેખાચિત્ર ઉપરથી ટેલિફિલ્મ તૈયાર થઈ છે.

રેખાચિત્રોનાં આ સંગ્રહમાં રજૂ થયેલાં વિવિધ પાત્રોના રાજવીમાં લેખકની તે પાત્રો પ્રત્યેની માયા સહૃદયતા જોવા મળે છે. વળી પાત્રોની વિશેષતાથી લેખક પ્રભાવિત છે. "સતિયો મારો સાથી"- "હેઝલ પઠ્ઠણી', "ઘરનો દીવો', ભગવાનનું માણસ વગેરેમાં સામાજિક વિષમતા રજૂ કરવામાં આવી છે. તો "ભવાન ભગત', "તારો ભરોસો મને ભારી અને 'લાગી રે લગનિયાં', રેખાચિત્રોના પાત્રો સંસારમાં રહીને ભક્તિ અને સમાજસેવા કરતા ખરા સંતોની વાત કરી છે. તો પહેલા અને બારમાં રેખાચિત્રમાં બાળપણમાં મળેલા પ્રેમની વાત છે. "લક્ષ્મીનો ચાંલ્લો, સાસુ વહુ, "શામળી' બહેરું આયખું મૂંગી વ્યથા'- જેવા રેખા ચિત્રોમાં સ્ત્રીના જીવનની મુશ્કેલીઓનો ચિતાર રજૂ કર્યો છે. તો ભવાન ભગત-ઉકમલ્લ પટાક કાકા જસ્યોને પાડો. નાયણો બાજિયો - વગેરે વ્યક્તિઓની વિશેષતાઓ અને મર્યાદાઓની વાત પણ અસરકારક રીતે રજૂ કરી છે.

ભાષાશૈલીની દૃષ્ટિએ જોઈએ તો આખા સંગ્રહમાં સાદી અને સરળભાષા છે. ગ્રામીણ અને તળપદા શબ્દોનો પ્રયોગ છે. વળી જેવા પાત્રો એવી ભાષા પણ વપરાઈ છે. તેમના સંવાદની ભાષામાં ગામઠી લહેકાઓ છે. અને વચ્ચે વચ્ચે થતો પદનો પ્રયોગ અને સાંખીઓ, કહેવતો, ગીત અને ટુચકાનો ઉપયોગ ભાષાને પ્રવાહી અને સમૃદ્ધ બનાવે છે. અને ગદ્યના લાલિત્યમાં ઉમેરો કરે છે.

'વ્યથાનાં વીતક' એ લેખકની કીર્તિદા કૃતિ છે. અને તેમના ઉત્તમ સર્જનમાંની એક છે. વહાલનાં વલખાં' પછી આ સંગ્રહનું સ્થાન છે. આ સંગ્રહને ખૂબ જ લોકચાહના મળી છે. ચાર યુનિ.માં અભ્યસક્રમમાં આવી છે અને ચાર આવૃત્તિઓ પણ થઈ છે. કેટલાંક પાત્રો યાદ રહી જાય તેવાં છે તો એક પ્રકરણ ઉપરથી તો ટેલિફિલ્મ બની છે. તે પણ લેખકની વિશિષ્ટ સિદ્ધિ છે.

આ સંગ્રહમાં અલ્પ છતાં કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે. જેમ કે, આ સંગ્રહમાં પ્રથમ રેખાચિત્ર 'હતી ત્યારે મારે ત્રણ ત્રણ મા હતી.'- આ રેખાચિત્ર અન્ય બે સંગ્રહોમાં પણ આવી જાય છે.ક્યાંક અતિશયોક્તિ પણ કરી હોય તેવું લાગે છે. જેમ કે "દરિયો' અને "તાલ તબલાનો અને

જિંદગીનો' માં અતિશયોક્તિ પૂર્ણ આત્મશ્રદ્ધા ની અસર જોવા મળે છે.

**સંદર્ભગ્રંથ સૂચિ**


મેકવાન, જોસેફ (૧૯૮૫), વ્યથાનાં વિતક, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

વજીર, પ્રવિણભાઈ (૨૦૨૧), *'જોસેફ મેકવાન: જીવન-કવન અને તેમના સાહિત્યમાં પ્રગટતી દલિત વેદના'*, નોલેજ કોર્ન્સોટિયમ ઓફ ગુજરાત (૩૪): ૧-૧૦

Govt., of India (1977), Gazetteers: Kheda District, New Delhi: Directorate of Government Print., Stationery and Publications

Hardiman, David (1981), Peasant Nationalists of Gujarat: Kheda District, 1917-1934, New Delhi: Oxford University Press

Macwan, Joseph and Rita Kothari (2013), The Stepchild: ANGALIYAT, Mini Krishnan (Ed), New Delhi: OUP India

Patel, Anjana and Natvarbhai D. Patel (2001), The Leva Patidar Patels of Charotar: A Community History, Kheda: Charotar Patidar Kutumb

The, Directorate (1984), Geology and Mineral Resources of Kheda District, Gujarat State, Ahmedabad: Gujarat (India). Directorate of Geology and Mining, Gujarat Mineral Development